# " હોસ્પિટલ સુરક્ષા" તથા "વાહન પાર્કિંગ" માટેનું ટેન્ડર ફોર્મ

**(ટેન્ડરરે ભાવપત્રક ભરીને બંધ અલગ કવરમાં અત્રે પરત મોકલવું )**

કોન્ટ્રાકટરનું નામઃ
પુરૂં સરનામું :

ફોન :
મો. નં.
તારીખ :

પ્રતિ,
નિયામકશ્રી,
ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ,
(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ),
સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા,
અમદાવાદ-૩૮૦૦૧૬.

મહોદય,

ટેન્ડર ફોર્મની તમામ શરતો મેં ધ્યાન પૂર્વક વાંચી - સમજી છે અને તે તમામ શરતો અમોને કબુલ મંજુર છે.

૧. " સિકયુરીટી કોન્ટ્રાકટ" ના અમારા ભાવો :

(૧) સિકયુરીટી ગાર્ડનો માસિક ભાવ રૂા. ..................
(શબ્દોમાં )

(૨) સુપરવાઈઝર ગાર્ડનો માસિક ભાવ રૂા. ..................
(શબ્દોમાં )

(૩) સદર આખા કોન્ટ્રાકટનો માસિક ભાવ રૂા. ..................
(શબ્દોમાં )

આ ભાવ એક વર્ષ માટે નિશ્ચિત રહેશે, તેમાં કોઈ ભાવ વધારો કરવામાં આવશે નહીં.

૨. (૧) સંસ્થાની સુરક્ષા વ્યવસ્થા માટે અંદાજીત ગાર્ડની સંખ્યા ................

(૨) સુપરવાઈઝરની સંખ્યા .................

૩. સંચાલક/ કોન્ટ્રાકટરનું નામ : ..............................................
અને સરનામું ...................... ..................................
...................... ..................................
ફોન(ઘર).......................(ઓફીસ).........................
ઉંમર : .................... શૈક્ષણિક લાયકાતઃ ................
આ કામનો અનુભવ : .................... ......................વર્ષનો છે.

૪. સંસ્થાનું નામ અને.............................. ......................
પોસ્ટલ સરનામું : .................... ..............................
................. ..................... ...............
ફોન : ................... .....(મોબાઈલ)..................



ટેન્ડરરની સહી -

૫. વ્યકિતગત/ભાગીદારી/સંસ્થા : .................. .........................
(ભાગીદારી સંસ્થા હોય તો ભાગીદારીખતની નકલ બીડવી.)
૬. આ કામ માટે વધુમાં વધુ ............ કામદારોને કામે રાખીશું.
૭. સંસ્થા નો શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધણી ક્રમાંકઃ .......
૮. ઈન્કમટેક્ષનો પરમેનન્ટ એકાઉન્ટ ક્રમાંક :(અ) સંસ્થાનો..................
(બ) સંચાલક/કોન્ટ્રાકટરનો.............
૯. સંસ્થાનો પ્રોવિડન્ટ ફંડ નોંધણી ક્રમાંક ....................................
૧૦. સંસ્થાનો ઈ.એસ.આઈ.એસ.નોંધણી ક્રમાંકઃ...................................
૧૧. સંસ્થાનો વ્યવસાય વેરા નંબર : .................. .................. ........
૧૨. કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ નંબરઃ.............................................
**૧૩. હોસ્પિટલમાં કામ કર્યાનો કુલ અનુભવ અને હાલમાં ચાલતાં કોન્ટ્રાકટની વિગતો .......**

| ક્રમ | સંસ્થાનું નામ અને સરનામું | ટેલીફોન નં. | સમયથી |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |

**ટેન્ડર ફોર્મ સાથે ઉપર્યુકત દસ્તાવેજોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો બીડવી.**

- **અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈ.એમ.ડી.) પેટે રૂ.૨૫૦૦૦/- નો ડી.ડી. નં. ---------------- તાઃ બેંક ---------------------------------------------------------------------- નો બીડેલ છે.**
- **ટેન્ડર ફોર્મ સાથે ઉપર્યુકત દસ્તાવેજોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો બીડવી.**
- **કોઈપણ જગ્યાએ ઓવર રાઈટીંગ, ચેક-ચાક કે વ્હાઈટ ઈન્કનો ઉપયોગ કરેલ હોય તો ટેન્ડરરે ત્યાં સહી કરવી.**
- **ટેન્ડર ત્રણે જુદા જુદા બંધ કવરમાં રજુ કરવું. તેના ઉપર ટેન્ડરનું નામ લખવું. (૧) પ્રાઈસ બીડનું કવર, (૨) ટેકનીકલ બીડનુ કવર, (૩) ઈ.એમ.ડી. નું કવર.**

**કોન્ટ્રાકટરની સહી**

**કોન્ટ્રાકટરનું નામ :**

**સિકકો**

## હોસ્પિટલ સુરક્ષા" તથા "વાહન પાર્કિંગ" માટેનું ટેન્ડર ફોર્મ

**(ટેન્ડરરે ટેકનીકલ બીડ ભરીને બંધ અલગ કવરમાં અત્રે પરત મોકલવું )**

**કોન્ટ્રાકટરનું નામઃ**
પુરૂં સરનામું :

ફોન નં:
મો.નં:
તારીખ :

પ્રતિ,
નિયામકશ્રી,
ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ,
(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ),
સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

મહોદય,

હોસ્પિટલ સુરક્ષા અને વાહન પાર્કિંગનાં કામનાં ટેન્ડરમાં દર્શાવેલ તમામ શરતો અને લાયકાતો મેં વાંચી છે અને તે સાથે હું સહમત છું. આ કામનાં કોન્ટ્રાકટર તરીકેની હું લાયકાતો ધરાવું છું અને તેના સમર્થનમાં હું મારા નીચે મુજબના લાયસન્સ, પરવાના અને પ્રમાણપત્રો રજુ કરૂ છું. આ સાથે હું ભાવપત્રક અલગ સીલબંધ કવરમાં રજુ કરૂં છું.

૧. આ કામ માટે વધુમાં વધુ કામે રાખવાના કામદારોની સંખ્યા ............

૨. સંસ્થા : શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધણી નં : ..................

૩. ઈન્કમટેક્ષ નંબર : ................. .................. .............

૪. વ્યવસાય વેરા નંબર : .................. .................. ........

૫. સંસ્થાનો પ્રોવીડન્ટ ફંડ નંબરઃ ..........................................

૬. સંસ્થાનો ઈ.એસ.આઈ.એસ. નંબર : ..................................

૭. કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ નંબરઃ..........................................

૮. સંચાલકને સદર કામનો અનુભવ ......................................

૯. સંસ્થાને સદર કામનો કુલ અનુભવ .................. ..................

૧૦. હોસ્પિટલમાં કામ કર્યાનો અનુભવ .................. ..................



ટેન્ડરરની સહી -

૧૧. હાલમાં નીચે પ્રમાણેના કોન્ટ્રાકટ ચાલી રહેલા છે.

| ક્રમ સંસ્થાનું નામ અને સરનામું | ટેલીફોન | સમયથી |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

- **નોંધ : (૧) ઉપર્યુકત બધા જ દસ્તાવેજોની પ્રમાણીત ઝેરોક્ષ નકલો બીડવી ફરીજયાત છે અન્યથા પ્રમાણપત્રોના અભાવે ટેન્ડર રદ કરવામાં આવશે.**

  **(૨) પ્રથમ ટેકનીકલ બીડનું કવર ખોલવામાં આવશે. માંગ્યા મુજબની લાયકાત ધરાવતા અને શરતોનું પાલન કરતાં હશે તેઓનાં જ પ્રાઈસબીડનાં કવર ખોલવામાં આવશે.**

**કોન્ટ્રાકટરની સહી**

**કોન્ટ્રાકટરનું નામ**

**સિક્કો**

**ભાવ અંગેની અગત્યની સૂચના :**

- કોઈપણ બાબતે ૨૦ % ભાવ વધારો થાય તો જ સંસ્થા ભાવોની પુર્નવિચારણા હાથ ધરશે, આ બાબતે કોન્ટ્રાકટર કોઈપણ હક્ક દાવો કરી શકશે નહીં.
- કોઈપણ સંજોગોમાં સંસ્થા ભાવ વધારો આપવાનું નક્કી કરે તો તે ભાવ વધારો કયારથી અને કેટલો આપવો તે નક્કી કરવાની અબાધિત સત્તા નિયામકશ્રીની રહેશે, આ બાબતે કોન્ટ્રાકટર કોઈપણ હક્ક દાવો કરી શકશે નહીં.

# ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ

## (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ)

## સીવીલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬.

ફોન નં.૨૨૬૮૮૦૦૦, ફેકસ-૨૨૬૮૫૪૯૦

## " હોસ્પિટલ સુરક્ષા" તથા "વાહન પાર્કિંગ" માટેના ટેન્ડરની શરતો

**(ટેન્ડરરે સહી-સિક્કા કરીને ટેન્ડર સાથે પરત કરવાનું રહેશે)**

(અ) **કામનો વિસ્તાર :**

(૧) ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), સીવીલ હોસ્પિટલ કંપાઉન્ડ, અસારવા, અમદાવાદની મુખ્ય હોસ્પિટલ અને રીસર્ચ બિલ્ડીંગ અને સંલગ્ન તમામ વિસ્તાર.

(૨) શ્રીમતી હરીગંગાબેન ધ્વારકાદાસ ડીટેકશન સેન્ટર, વાસણા, અમદાવાદ.

આ બંને સ્થળોએ સીકયુરીટી વ્યવસ્થા ૨૪ કલાકની જળવાય તે રીતે માંગ્યા મુજબના પોઈન્ટ ઉપર સીકયુરીટી ગાર્ડ અને સિકયુરીટી સુપરવાઈઝર પૂરાં પાડવા.

(૩) **સિકયુરીટી પોઈન્ટ**

| ક્રમ | પોઈન્ટ | પ્રથમ શીફટ સવારે ૮ થી ૪ | બીજી શીફટ બપોરે ૪ થી ૧૨ | ત્રીજી શીફટ રાત્રે ૧૨ થી ૮ |
|---|---|---|---|---|
| ૧ | જૂની ઓ.પી.ડી. **મેઈન ગેટ** કેસ કાઉન્ટર પાસે | ✔ | - | ✔ |
| ૨ | સ્પેશ્યલ રૂમ ગેટ | ✔ | ✔ | ✔ |
| ૩ | મીનીમલ બિલ્ડીંગની બહારનો મેઈન ગેટ કેન્ટીન પાસે | ✔ | ✔ | ✔ |
| ૪ | રિસર્ચ ગેટ (**૮ થી ૪**) | ✔ | - | - |
| ૫ | પિડીયાટ્રીક | ✔ | ✔ | ✔ |
| ૬ | પિડીયાટ્રીક પહેલો માળ (૬-૩૦ A.M. થી ૨-૩૦ PM) | ✔ | ✔ | - |
| ૭ | પિડીયાટ્રીક બીજો માળ (૬-૩૦ A.M. થી ૨-૩૦ PM) | ✔ | ✔ | - |
| ૮ | એમ.આર.આઈ. ગેટ | ✔ | ✔ | ✔ |
| ૯ | ડૉ.હોસ્ટેલ અને પાર્કિંગ વ્યવસ્થા | ✔ | ✔ | ✔ |
| ૧૦ | રેડિયોથેરાપી ગેટ | ✔ | - | - |
| ૧૧ | મેલ મેડીકલ વોર્ડ | ✔ | ✔ | - |
| ૧૨ | મેલ સર્જીકલ વોર્ડના ગેટ પર | ✔ | ✔ | - |
| ૧૩ | ફીમેલ સર્જીકલ વોર્ડના ગેટ પર | ✔ | ✔ | - |
| ૧૪ | ઓ.પી.ડી. લેબ. (૪૫ નંબર) | ✔ | - | - |
| ૧૫ | સી.ટી.સ્કેન | ✔ | - | - |

 ટેન્ડરરની સહી -

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | એકસ-રે - સોનોગ્રાફી (રૂમ નં.૧૨૯) | ✔ | - | - |
| ૧૭ | એન્ડોસ્કોપી (૧૩૧)– પોસ્ટ ઓપરેટીવ | ✔ | ✔ | - |
| ૧૮ | આઈસોલેશન વોર્ડ | ✔ | - | - |
| ૧૯ | મેઈન ઓટી | ✔ | - | - |
| ૨૦ | મેડીકલ ઓ.પી.ડી.(૮૦) | ✔ | - | - |
| ૨૧ | કીમોથેરાપી વોર્ડ (નીચે સીડી પાસે) | ✔ | - | - |
| ૨૨ | મીનીમલ વોર્ડ | ✔ | ✔ | - |
| ૨૩ | ન્યુરો સર્જીકલ વોર્ડ ત્રીજો માળ | ✔ | - | - |
| ૨૪ | કેસબારી | ✔ | - | - |
| ૨૫ | નર્સિંગ પાર્કિંગ | ✔ | ✔ | - |
| ૨૬ | નર્સિંગ પાર્કિંગ લેડીઝ ગાર્ડ | | ✔ | |
| ૨૭ | **ઓ.ટી. લીફ્ટ (૮ થી ૪)** | ✔ | - | - |
| ૨૮ | **મીનીમલ લીફ્ટ** | ✔ | - | - |
| ૨૯ | જનરલ લીફ્ટ | - | ✔ | - |
| ૩૦ | રાઉન્ડર | ✔ | ✔ | - |
| ૩૧ | હેડ ગાર્ડ (સિકયુરીટી ટેબલ ) (૧૨ કલાકની ડયુટીx ૨ ગાર્ડ) | ✔ | ✔ | ✔ |
| ૩૨ | **સિકયુરીટી સુપરવાઈઝર** (૧૨ કલાકની ડયુટીx ૨ ગાર્ડ) | ✔ | ✔ | ✔ |
| ૩૩ | સ્ટાફ કવાટર્સ | | | ✔ |
| | કુલ ગાર્ડ | ૩૦ | ૧૮ | ૦૯ |

(૪) વાસણા હોસ્પિટલ સેન્ટર કુલ ૦૬ ગાર્ડ (ત્રણ શિફ્ટ)

(બ) **કામની જરૂરિયાત :**

કોન્ટ્રાકટરે હોસ્પિટલની સૂચના પ્રમાણે પુરતાં સિકયુરીટી ગાર્ડ સુપરવાઈઝર ..... વિગેરે રોકી સિકયુરીટી વ્યવસ્થા અને આનુષાંગિક કામો માટે સેવાઓ મેળવવી.

(ક) **સંસ્થામાં હાલની વ્યવસ્થાનું નિરીક્ષણ કરી સંસ્થાની માંગ્યા મુજબની વ્યવસ્થા તમો કેટલા વ્યકિતઓથી સંભાળી શકશો તે અંગે ગાર્ડની, સિકયુરીટી સુપરવાઈઝરની સંખ્યા તેમજ અંદાજીત માસીક ખર્ચ જણાવવાનો રહેશે.**

તમોએ કરેલ સર્વેના આધારે તમોએ આ અંગેનો વિગતવાર રિપોર્ટ રજુ કરી ગાર્ડની અંદાજીત સંખ્યા તમારી અન્ય જરૂરિયાતો તેમજ અંદાજીત માસીક ખર્ચ સ્પષ્ટ જણાવવાનો રહેશે.

૧. સંસ્થામાં ચોરી, ઠગાઈ, છેતરપીંડી, ઉચાપત કે આવો અન્ય ગુનો બને તો તેમાં પોલીસ કાર્યવાહી (ફરિયાદ વિગેરે) તમારા કામદારોએ કરવાની રહેશે.

૨. સંસ્થામાં પાસ વગર કોઈપણ વ્યકિત પ્રવેશે નહિં અને સંસ્થાના કેમ્પસમાં રાત્રે ગમે ત્યાં કોઈ સૂવે નહીં તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.



ટેન્ડરરની સહી -

૩. સંસ્થાના અધિકારી સૂચવે તેવી પ્રવેશની જગ્યાઓ ઉપર મેટલ ડિટેકટરની વ્યવસ્થા કરવાની રહેશે. વધુમાં વધુ ૦૬ જગ્યા.

૪. રવિવાર કે હોસ્પિટલમાં સંપૂર્ણ રજા હોય તે દિવસે દરરોજ કરતાં ઓછા ગાર્ડ સંસ્થા નક્કી કરે તે રીતે ચોક્કસ પોઈન્ટ ઉપર ગાર્ડ ફરજ પર મૂકવાના રહેશે.

૫. મહિનાની ગાર્ડની કુલ હાજરી મુજબ બિલની ચુકવણી કરવામાં આવશે.

૬. સંસ્થાના બિલ્ડીંગની દિવાલો ઉપર કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ પ્રકારની જાહેરાતો ચોંટાડવા દેવી નહીં કે સંસ્થાની આજુબાજુ ગેરકાયદેસર કોઈ દબાણ ઉભુ કરે કરાવે નહિ તેની તકેદારી રાખવાની રહેશે.

૭. સંસ્થાની સામેના રોડ ઉપર તેમજ રિસર્ચ બિલ્ડીંગ સામેના રોડ ઉપર કોઈપણ વાહન પાર્ક ન થાય તેમજ સંસ્થાના વાહન પાર્કિંગ પ્લોટોમાં વાહનોની દેખરેખ રાખવાની રહેશે.

**V હાલના ભાવ : હોસ્પિટલ સુરક્ષા - માસીક બીલ આશરે રૂા.૩,00,000/-**

**V વાહન પાર્કિંગના કોન્ટ્રાકટર - માસીક બીલ આશરે રૂા.૧0000/- સંસ્થાને ચુકવે છે.**

(ડ) **આવશ્યક શરતો :**

ઉપર્યુકત પ્રમાણેનો કામનો વિસ્તાર અને કામની જરૂરિયાત સમજીને આ કામ સારી રીતે કરી આપવાનો માસિક ભાવ, (૧) સિકયુરીટી સુપરવાઈઝરનો, (૨) સિકયુરીટી ગાર્ડનો પગાર દર્શાવીને તેમજ કુલ રકમમાં ભાવ આપવા_વહીવટી ખર્ચનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

(૧) હોસ્પિટલમાં **સીકયુરીટી વ્યવસ્થા સંભાળવાનો અનુભવ હોવો જરૂરી છે.** મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલના અનુભવીને પ્રાથમિકતા આપવામાં આવશે.

(૨) ફાયરમેન,-ફાયર સેફટીનો કોર્સ કરેલ એક ગાર્ડ દિવસમાં ૧૨ કલાક ફરજ ઉપર રાખવાનો રહેશે.

(૩) સીકયુરીટી કોન્ટ્રાકટરે **રીસેપ્શન, વીઝીટર્સ પાસ** તેમજ **લીફટ ઓપરેટ** કરવાની વ્યવસ્થા સંસ્થાની સુચના મુજબ કરવાની રહેશે.

(૪) સંસ્થાને પુરાં પાડેલા ગાર્ડસમાં **૫0 ટકા એકસ સર્વીસમેન** હોવા જરૂરી છે.

(૫) સીકયુરીટી સંસ્થા કે જે આઈ.એસ.ઓ. ૯૦૦૧/૯૦૦૨ પ્રમાણપત્ર ધરાવતા હશે તેમને પ્રાથમિકતા આપવામાં આવશે.

(૬) સદર સિકયુરીટીના કોન્ટ્રાકટના કામો કરવા માટે વાપરવા પડતા તમામ જરૂરી સાધન-સામગ્રી, ગણવેશ, સીસોટી, લાકડી, સ્ટેશનરી....વિગેરે કોન્ટ્રાકટરે પૂરા પાડવાના રહેશે.

(૭) સિકયુરીટી ગાર્ડ તરીકે એક સરખો ગણવેશ આપવાનો રહેશે તેમજ દરેકના ફોટા, સાથેનું લેમીનેશન કરેલ ઓળખપત્ર આપવાનું રહેશે. સિકયુરીટી સ્ટાફ ફરજ દરમ્યાન નિયત ગણવેશ, બેજ અને ઓળખપત્ર સાથે જ કામ કરશે,

(૮) અકસ્માત અને આપત્તિના સંજોગોમાં ખાસ સાયરન અને સિગ્નલની વ્યસ્થા કરવાની રહેશે, તે માટેની જગ્યા સંસ્થાના અધિકારી સૂચવશે, જે તમોને માન્ય રહેશે.

(૯) તમારા કોઈ સીકયુરીટી ગાર્ડ ઘાતક હથિયાર, સ્ફોટક કે જ્વલનશીલ પદાર્થ રાખવા પર પ્રતિબંધ, પકડાય તો કોન્ટ્રાકટ રદ બાતલ ગણાશે.

**(૧૦) ટેન્ડરરે પોતાનું ટેન્ડર બે જુદા ભાગમાં ત્રણ સીલબંધ કવરમાં નિયત મર્યાદામાં નીચે મુજબ મોકલવું. (૧) ટેકનીકલ બીડ, (૨) પ્રાઈસ બીડ, (૩) ઈ.એમ.ડી. ટેન્ડરરેત્રણેય કવર ઉપર સ્પષ્ટ રીતે અંદરના બીડની વિગત લખવી.**

**(૧૧) પ્રથમ ટેકનીકલ બીડનું કવર ખોલવામાં આવશે. માંગ્યા મુજબની લાયકાત ધરાવતા અને શરતોનું પાલન કરતાં હશે તેઓનાં જ પ્રાઈસબીડનાં કવર ખોલવામાં આવશે.**

# <u>વાહન પાર્કિંગ આપવા માટેની શરતો</u>

**(અ) ટેન્ડરનો હેતુ :**

કેન્સર હોસ્પિટલના કર્મચારીઓના વાહનો વ્યવસ્થિત રીતે પાર્કીંગ કરાવવા, ગોઠવવા, સાચવવા, ચોરી કે નુકશાન ના થાય તેમજ કેન્સર હોસ્પિટલમાં આવતાં તમામ દર્દીઓ, મુલાકાતીઓ, વીઝીટરોના વાહનોનું વ્યવસ્થિત પાર્કીંગ થાય, ટ્રાફીક જામ ન થાય અને વાહનને નુકશાન ન થાય તે હેતુથી વાહન પાર્કીંગનો કોન્ટ્રાકટથી આપવાનો છે.

**પાર્કિંગની માસિક અંદાજીત આવક રૂા.૨૦,૦૦૦/-**

(બ) **<u>કામનો વિસ્તાર :</u>**

(૧) ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ) ના જુદા જુદા મકાનો પાસેના કંપાઉન્ડમાં નીચે પ્રમાણેના પાર્કીંગ પ્લોટો બનાવવામાં આવેલા છે. તેમાં કેન્સર હોસ્પિટલની જરૂરીયાત પ્રમાણે તમામ પ્રકારના વાહનોને વ્યવસ્થિત રીતે, લાઈનમાં ગોઠવવાના, સાચવવાના તેમજ ચોરી કે નુકશાન ન થાય તે રીતે વાહનો પાર્કીંગને લગતું સઘળું કામકાજ કરવું.

(૨) <u>પાર્કીંગ પ્લોટ : કર્મચારીઓના વાહનો પાર્કીંગ માટે કોઈ ચાર્જ લેવાનો નથી.</u>



ટેન્ડરરની સહી -

(અ) સંસ્થાએ નક્કી કરેલ સ્ટાફ પાર્કિંગમાં સ્ટાફનાં વાહનોની જવાબદારી સિકયુરીટી કોન્ટ્રાકટરની રહેશે.

(બ) વાહન ચોરી કે નુકશાન થયે સંસ્થા નક્કી કરે તે મુજબ કિંમત સિકયુરીટીએ ચુકવવાની રહેશે. અન્યથા બીલ કે સિકયુરીટી ડિપોઝીટમાંથી કાપી લેવામાં આવશે.

(૩) <u>પે-પાર્કીંગ પ્લોટ :</u>

**જગ્યા : (અ)** હોસ્પિટલના મુખ્ય દરવાજા પાસે ઓ.પી.ડી. બીલ્ડીંગની સામેની બાજુથી શરૂ કરીને નર્સિંગ કોલેજના કંપાઉન્ડની હદ શરૂ થાય ત્યાં સુધી રોડની માત્ર એક જ બાજુ.

**(બ)** પેડીયાટ્રીક બિલ્ડીંગ અને રિસર્ચ બિલ્ડીંગની વચ્ચે આવેલ ઓપન સ્પેસમાં ચાર પૈડાનાં વાહનો માટે પે પાર્કિંગ.

કેન્સર હોસ્પિટલના મુલાકાતીઓ, દર્દીઓ, દર્દીઓના સગાઓના વાહનોને વ્યવસ્થિત રીતે ગોઠવી સાચવવાનો નિયત ચાર્જ નીચે પ્રમાણે કોન્ટ્રાકટરે વસુલ કરવાનો છે.

| | એક વખતના ભાવ રૂા. | ૨૪ કલાકમાં એકથી વધુ વખત માટેના ભાવ રૂા. |
|---|---|---|
| **(૧)** સાયકલ પાર્કીંગના | ૧-૦૦ | ૧-૦૦ |
| **(૨)** સ્કુટર-લ્યુના પાર્કીંગ | ૨-૦૦ | ૫-૦૦ |
| **(૩)** ઓટોરીક્ષા પાર્કીંગ | ૪-૦૦ | ૮-૦૦ |
| **(૪)** કાર પાર્કીંગ | ૫-૦૦ | ૧૦-૦૦ |

**(બ) પે - પાર્કીંગ** પ્લોટ નં. **(અ)** ૨૪ કલાકનો પોઈન્ટ છે અને તેનો એક જ મેઈન રસ્તો આવવા-જવા માટેનો છે. આ મુખ્ય રસ્તા પાસે જ ટેબલ ખુરશી રાખીને અંદર દાખલ થતાં વાહનોને પે-પાર્કીંગની પહોંચ આપવી અને તેના નાણાં કોન્ટ્રાકટરે પોતાની પાસે રાખી કેન્સર હોસ્પિટલમાં દર અઠવાડીયે હિસાબી શાખામાં ફકત હિસાબ આપવો. આની “સ્લીપ” અથવા “ પાર્કીંગના પાસ” કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે સંસ્થાની સૂચના મુજબ છપાવવાના રહેશે.

**(ક) <u>કામની જરૂરીયાત :</u>**

**(૧)** સદર કામની હોસ્પિટલની જરૂરીયાત અનુસાર ૨૪ કલાક માટે કોન્ટ્રાકટરે પુરતા માણસો રોકી સંતોષકારક કરી આતવાનું રહેશે.

(૨) આવતાં બધા વાહનોને પાર્કીંગ પ્લોટમાં લાઈનમાં વ્યવસ્થિત રીતે ગોઠવવાના છે, સાચવવાના છે, વાહનની એસેસરીઝ, પેટ્રોલ....વિગેરેની ચોરી ન થાય, વાહનને નુકશાન ન થાય તે રીતેની વાહનો સાચવવાની કામગીરી કરવાની રહેશે.

(૩) પે-પાર્કીંગમાં “ભાવોની યાદી” દર્શાવતું બોર્ડ દરેક વ્યકિત જોઈ શકે તે રીતે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે લગાવવું.

(૪) કોન્ટ્રાકટરે પે-પાર્કીંગમાં જે પહોંચ આપવાની છે તેમાં (૧) તારીખ(૨) વાહનનો નંબર (૩) વાહનનો પ્રકાર (૪) રકમ (૫) કેટલી વાર માટે ....વિગેરે બાબતો સ્પષ્ટ લખવી.

(૫) કર્મચારીઓના વાહનો માટે ટોકન પધ્ધતિ અપનાવવી. વાહન મુકનારને ટોકન આપવું અને ટોકન આપનારને જ વાહન લઈ જવા દેવું.

(૬) ઉપર્યુકત પ્રમાણેનો કામ-કાજનો વિસ્તાર, જરૂરીયાત અને પે-પાર્કીંગની આવકને ધ્યાનમાં રાખીને ટેન્ડર ભરવું.

(૭) પે- કે સ્ટાફ પાર્કિંગમાં મુકેલા વાહન ચોરાઈ જાય કે નુકશાન થાય તો વાહનના નુકશાનીનો કલેઈમ/અરજી કર્યાના પંદર દિવસમાં સંસ્થા નક્કી કરે તેટલી વાહનની કિંમત કે નુકશાની કોન્ટ્રાકટરે ચુકવવાની રહેશે.

**(અ) અગત્યની સૂચનાઓ :**

૧. ટેન્ડરની તમામ બાબતો માટે સંસ્થાની ટેન્ડર કમિટિનો નિર્ણય આખરી રહેશે. કોઈ પણ ટેન્ડર મંજુર / ના મંજુર કરવાની સંપૂર્ણ સત્તા આ સંસ્થાની રહેશે.

૨. કોન્ટ્રાકટની કોઈપણ શરતમાં સુધારા-વધારા કરવા, રદ કરવી, ઉમેરવી કે કોઈ શરતનો અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા ટેન્ડર કમિટિની રહેશે.

૩. આ અંગે કોઈ પત્ર-વ્યવહાર કે ફોન કરવો નહીં. કોઈપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન તે ગેરલાયકાત ગણાશે અને તેમનું ટેન્ડર રદ કરવામાં આવશે.

૪. અસલ ટેન્ડર ફોર્મ જ સ્વીકાર્ય છે તેની ઝેરોક્ષ નકલ રદબાતલ ગણાશે.

૫. આ આખા ટેન્ડરની શરતો-વિગતો સારી રીતે વાંચી સમજીને અસલ ટેન્ડર ફોર્મ પૂર્ણપણે ભર્યા બાદ બંધ કવર પર **“હોસ્પિટલ સુરક્ષા તથા વાહન પાર્કિંગ કામ માટેનું ટેન્ડર ફોર્મ”** સ્પષ્ટ લખી



ટેન્ડરરની સહી -

ટેકનીકલ પ્રાઈઝ બિડ અને ઈ.એમ.ડી. ની અલગ કવરમાં વિગતો લખી સમયસર મોકલી આપવું. ટેન્ડરની શરતોમાં ટેન્ડરરે સહી, સિક્કા કરીને ટેકનીકલ બિડના ફોર્મ સાથે પરત મોકલવું.

૬. ટેન્ડર ફોર્મ સાથે “અર્નેસ્ટ મની ડીપોઝીટ”‘ રૂ.૨૫૦૦૦/- નો નેશનલાઈઝ બેંક કે શિડયુલ્ડ બેંકનો ડ્રાફ્ટ આપવો.

૭. ટેન્ડર સ્વીકાર થયા પછી કોન્ટ્રાકટનો સમય એક વર્ષનો રહેશે, તદ્‌ઉપરાંત અજમાયશી સમય ત્રણ માસનો રહેશે. આ સમય દરમ્યાન કોન્ટ્રાકટરનું કામ સંતોષકારક કામ ન કરેથી કે ટેન્ડરની શરતોનાં ભંગ કરેથી સંસ્થા અઠવાડિયાની નોટિસ આપીને કોન્ટ્રાકટ ગમે ત્યારે સમાપ્ત કરી શકાશે. અજમાયશી સમય બાદ પણ સંતોષકારક કામ ન કરે થી કે ટેન્ડરની શરતોનો ભંગ કરેથી એક માસની નોટિસ આપી સંસ્થા કોન્ટ્રાકટ સમાપ્ત/રદ કરી શકશે.

૮. કામ સંતોષકારક જણાયે કોન્ટ્રાકટની મુદત ત્રણ વર્ષ સુધી લંબાવવાની સત્તા નિયામકશ્રીની રહેશે.

૯. કોન્ટ્રાકટરે સદર ટેન્ડર ફોર્મમાં ભાવો સમજીને-વિચારીને ભરવા, કરવાના સઘળા કામો સમજી લેવા તથા આમાં સર્વ પ્રકારના સરકારી ટેક્ષ, વેરા....સહિતના આખરી ભાવો આપવા. લઘુત્તમ ભરેલા ભાવો, બોલીઓ અને કોન્ટ્રાકટર તરીકેની કાયદેસરની પૂર્તતા અને હોસ્પિટલના કામના અનુભવના આધારે અગ્રતા આપવામાં આવશે. એક વર્ષ સુધી આ ભાવોમાં કોઈ વધારો કરી શકાશે નહિં.

૧૦.સદર ટેન્ડર સાથે બિડેલા ફોર્મને બરાબર વાંચી, સમજીને, પૂર્ણ રીતે ભરીને અને દર્શાવેલી વિગતોના પુરાવાઓ સાથે પ્રમાણિત નકલો ટેકનીકલ બિડ સાથે અવશ્ય બિડવું. અધુરી વિગતોવાળું, અસ્પષ્ટ ટેન્ડર અમાન્ય ગણાશે.

૧૧.કોન્ટ્રાકટરને હોસ્પિટલમાં આ કામનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. કોન્ટ્રાકટરે અનુભવનું પ્રમાણપત્ર આ સાથે બિડવું.

**(બ) <u>ટેન્ડરની અગત્યની શરતો :</u>**

૧. કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટનો હેતુ પાર પડે તે રીતે પુરતાં માણસો રોકવાના રહેશે અને કોન્ટ્રાકટનો સમય પુરો થયે કોન્ટ્રાકટ આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને કોન્ટ્રાકટરે પોતાના સઘળા કામદારોને સાથે લઈ જવાના રહેશે.

૨. કોન્ટ્રાકટર કે તેમના કામદારો કેન્સર હોસ્પિટલનાં કોઈપણ સ્થળનો કયારેય રહેઠાણ તરીકે ઉપયોગ કરી શકશે નહીં.



ટેન્ડરરની સહી -

૩. પોતાને ત્યાં રાખેલા કામદારોનો પાછલો રેકોર્ડ ગુના રહીત હોવા અંગેનું પોલીસ વેરીફીકેશન કરાવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૪. કોન્ટ્રાકટની તમામ શરતો આવરી લેતો વિગતવાર કરાર ખત કરવા માટે કોન્ટ્રાકટરે પોતાનાં નામનો રૂા.૧૦૦/- નો સ્ટેમ્પ પેપર અત્રે રજુ કરવાનો રહેશે અને કેન્સર હોસ્પિટલ તરફથી તૈયાર કરવામાં આવેલ કરાર ખત પર સહી સિક્કા કરી આપવાના રહેશે જે કોન્ટ્રાકટરને બંધન કર્તા રહેશે.

૫. કોન્ટ્રાકટ મંજુર થયા બાદ કોન્ટ્રાકટરે વાર્ષિક બિલના ૫% રકમ ડીપોઝીટ પેટે કેન્સર હોસ્પિટલમાં એક માસમાં જમા કરાવવાની રહેશે. આ ડીપોઝીટ પર કોઈ વ્યાજ મળવાપાત્ર નથી.

૬. સદર કોન્ટ્રાકટ બીજાને ટ્રાન્સફર કે એસાઈન કરી શકાશે નહીં કે તેના કોઈપણ કામ કે ભાગ માટે સબ-કોન્ટ્રાકટ પણ આપી શકાશે નહીં.

૭. કોઈપણ અગમ્ય કારણોસર કોન્ટ્રાકટ રાખનારની હયાતિ ન રહે તો કોન્ટ્રાકટ પૂર્ણ થયેલો ગણાશે. તેમના કાયદેસરના વારસદારો કે એસાઈની આ અંગેનો હક્ક -દાવો કરી કોન્ટ્રાકટ ચાલુ રાખી-રખાવી શકશે નહીં.

૮. સદર કોન્ટ્રાકટની કામગીરી સિવાયની અન્ય કોઈપણ પ્રવૃત્તિ, ધંધો, વ્યવસાય સદર સ્થળેથી કરી શકાશે નહીં.

૯. કોન્ટ્રાકટર કે તેમના કોઈપણ કામદાર કેન્સર હોસ્પિટલમાં પ્રતિબંધિત ચીજ-વસ્તુ, ખાદ્ય-પદાર્થ, પીણું, લાવી શકાશે નહીં, કેન્સર હોસ્પિટલમાં ધુમ્રપાન, ગુટખા, તમાકુયુકત પદાર્થ પ્રતિબંધિત છે.

૧૦. કોન્ટ્રાકટર કે તેમનાં માણસો કેન્સર હોસ્પિટલના કર્મચારીઓ સાથે નાણાં લેવા આપવા કે વ્યાજે આપી શકશે નહીં.

૧૧. કોન્ટ્રાકટરે કેન્સર હોસ્પિટલમાં કામ કરતાં અન્ય સર્વે કોન્ટ્રાકટ સાથે સંપીને કામ કરવું.

૧૨. કોઈપણ પક્ષકાર એક માસની લેખિત નોટિસ આપી કોન્ટ્રાકટનો અંત લાવી શકશે.

૧૩. કોન્ટ્રાકટરને જે સ્થિતિમાં જગ્યા, ઓફિસ, ચીજ-વસ્તુઓ આપવામાં આવી હોય તે જ સ્થિતિમાં કોન્ટ્રાકટ પુરો થયે પરત આપવાની રહેશે. તેમાં ખામી કે નુકશાન થયેલ હશે તો તે કોન્ટ્રાકટરની ડીપોઝીટ કે બિલમાંથી વસૂલ લેવામાં આવશે.

૧૪. કોન્ટ્રાકટરે પોતાનાં કામનું બીલ પોતાના કર્મચારીઓની હાજરી પત્રક તેમજ પગાર પત્રક સાથે બે નકલમાં આપવાનું રહેશે અને તેના વેરીફીકેશન બાદ ચુકવણું ચેકથી કરવામાં આવશે.

૧૫. ટેન્ડરની કોઈપણ કલમ / શરતોનો ભંગ કરારનો ભંગ ગણાશે અને આ કસૂર બદલ સંસ્થા કોન્ટ્રાકટ રદ કરી શકશે.



ટેન્ડરરની સહી -

૧૬. કેન્સર હોસ્પિટલ તરફથી આપવામાં આવેલ જગ્યામાં કોન્ટ્રાકટર કોઈપણ સુધારો વધારો કે ફેરફાર સંસ્થાની લેખીત પૂર્વ પરવાનગી મેળવ્યા વિના કરી શકશે નહીં.

૧૭. જો કોન્ટ્રાકટર કે તેમના કામદારની તરફથી બેદરકારીના કારણે કેન્સર હોસ્પિટલને કોઈપણ જાતની નોટિસ બજે, કેસ થાય, કાનુની કાર્યવાહીમાં હિસ્સો લેવો પડે, જવાબ આપવો પડે કે કોન્ટ્રાકટરનાં કસૂરનાં કારણે સંસ્થાને કોઈપણ જાતનું નુકશાન થાય તો તે કરારનો ભંગ ગણાશે અને તે માટે થયેલ સઘળો ખર્ચ કોન્ટ્રાકટરના બિલ/ડીપોઝીટમાંથી કાપી શકાશે અથવા અન્ય કોઈપણ રીતે વસૂલ લઈ શકશે.

(૧૭ - અ) તમારા કામદારોના તમામ લેણાં ચુકવવાની જવાબદારી તમારી રહેશે. તમારી શરતચૂક કે કોઈ અન્ય કારણોસર તમારા કામદાર કાયદેસરનાં લેણાં અન્વયે કોઈ કોર્ટ કેસ કરે, કરાવે તો જ્યાં સુધી તેનો નિકાલ ન આવે ત્યાં સુધી તમારી ડિપોઝીટ પરત આપવામાં આવશે નહીં.

કાયદાકીય કાર્યવાહી કરે તો તમોએ સંસ્થામાં જમા કરાવેલ સિકયુરીટી ડિપોઝીટ સંસ્થામાં ત્યાં સુધી જમા રહેશે કે જ્યાં સુધી કાયદેસરની કાર્યવાહીનો અંતિમ નિકાલ ન થાય.

૧૮. કોન્ટ્રાકટમાં રાખેલાં કામદારોને જુદો ગણવેશ આપવાનો રહેશે. તેમજ કામદારોને ફોટા સાથેનું ઓળખપત્ર આપવાનું રહેશે.

૧૯. હોસ્પિટલના કામની જરૂરીયાતની પૂર્તિ અર્થે, કોન્ટ્રાકટનો હેતુપાર પડે તે માટે કોન્ટ્રાકટરે પુરતા માણસો રોકવાના રહેશે અને તે સઘળા કોન્ટ્રાકટના કામદારો ગણાશે તેને પગાર-ભથ્થાં, મહેનતાણાં કોન્ટ્રાકટરે આપવાના રહેશે. કોન્ટ્રાકટ પુરો થયે કોન્ટ્રાકટરે પોતાના માણસો સાથે લઈ જવાના રહેશે.

૨૦. સદર કામ માટે નક્કી થયેલા ભાવો કોન્ટ્રાકટની અવધિ દરમ્યાન વધારી શકાશે નહીં.

**૨૧. સંસ્થાની સૂચનાઓ / ટેન્ડરની શરતોનાં ભંગ બદલ સંસ્થા રૂા.૧૦૦૦/- સુધીની પેનલ્ટી કરી શકશે અને આ રકમ માસિક બીલમાંથી કાપી લેવામાં આવશે.**

**(ક) <u>કોન્ટ્રાકટરે પાલન કરવાના મજુર કાયદાઓ</u>**

૧. સંસ્થાને લાગુ પડતા તમામ કાયદાઓનું કોન્ટ્રાકટરે પાલન કરવાનું રહેશે.

૨. <u>કોન્ટ્રાકટ લેબર (નિયમ અને નાબુદી) અધિનિયમ ૧૯૭૦</u> અન્વયેના કાયદાઓ, મજુર કાયદાઓ અને અન્ય નિયમોની જોગવાઈઓ મુજબ કોન્ટ્રાકટર તરીકેની સમગ્ર જરૂરિયાતો પૂર્ણ કરતાં હોવા જોઈએ અને કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ, સંસ્થાનો નોંધણી ક્રમાંક, પ્રોવિડંટ ફંડ નંબર, ઈ.એસ.આઈ.એસ. નંબર, ઈન્કમટેક્ષ નંબર....ધરાવતાં હોવા જોઈએ.



ટેન્ડરરની સહી -

૩. કોન્ટ્રાકટરે તેમના શ્રમિકોને લાગુ પડતાં તમામ કાયદાઓ, લઘુત્તમ વેતન ધારા મુજબ મહેનતાણા અવેજ, પગાર વિગેરે સમયસર આપવાનો રહેશે.

૪. સંસ્થાને લાગુ પડતાં તેમજ પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ મુજબ કોન્ટ્રાકટરે તેમના **કામદારોનો પી.એફ., ઈ.ડી.એલ.આઈ., ઈ.એસ.આઈ.એસ., વિગેરેનો ફાળો ફરજીયાત ભરી સંસ્થાને પુરાવા રજુ કરવાના રહેશે.**

૫. કોન્ટ્રાકટરના કામદારોને કામ કરતાં કે અન્ય કોઈપણ રીતે અકસ્માત કે ઈજા થાય, અશકત બને, મૃત્યુ પામે તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ માટે કાયદેસરનું વળતર ચુકવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે ઈ.એસ.આઈ.એસ., વર્કમેન કોમ્પનસેશન ગ્રુપ વીમો વિગેરે જે લાગુ પડતું હોય તે કોન્ટ્રાકટરે લેવાના રહેશે અને આ માટે ઉભી થતી તમામ જવાબદારી, ખર્ચ, વળતર, વિગેરે કોન્ટ્રાકટરે ભોગવવાના રહેશે.

૬. કોન્ટ્રાકટરના કામદારના કોઈપણ કૃત્યના કારણે કેન્સર હોસ્પિટલ કે તેના કર્મચારીને નુકશાન થાય તો તે સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને નુકશાનની ભરપાઈ બિલ કે ડિપોઝીટમાંથી કે અન્ય રીતે કરી શકાશે.

૭. ટેન્ડર મંજુર થયેથી માસિક બીલના ૨૦ % જેટલી રકમ લેબર લો અને અન્ય કાયદાની વૈદ્યાનીક જોગવાઈનું નિયમિતપણે પાલન કર્યા અંગેના પુરાવા સંસ્થાને રજુ કર્યા બાદ ચુકવવામાં આવશે.

૮. કોન્ટ્રાકટ મંજુર થયે આ કામનું જરૂરી લાયસન્સ મજુર કમિશ્નરની કચેરીમાંથી મેળવીને એક માસમાં સંસ્થામાં રજુ કરવાનું રહેશે.

૯. તમારા કામદારોને લઘુત્તમ વેતન તેમજ મજુર કાયદા મુજબ રજાઓ, માંદગીની રજાઓ, બોનસ વિગેરે ચુકવવાનું રહેશે.

૧૦. તમારા કામદારોને ચુકવવાના થતાં પગાર સહીતના તમામ લેણાં સંસ્થાએ નિયુકત કરેલ પ્રતિનિધિની હાજરીમાં ચુકવવાના રહેશે.

૧૧. કોન્ટ્રાકટરે બાળ કામદારોને કામે રાખવા નહીં.

ટેન્ડરની ઉપરોકત તમામ શરતો વાંચી-સમજી છે અને તે અમોને કબુલ મંજુર છે.

| | |
|---|---|
| **સ્થળ :** | **ટેન્ડરરની સહી** |
| **તારીખ:** | **ટેન્ડરરનું નામ :** |
| | **સિક્કો :** |